
૭૮૯/૯૨

# રૂપાલના રૂહાની રાહબર




સંપાદક :

પીર સૈયદ હાજી દાદામિયા
શમ્સુદ્દીન કાદરી (રૂપાલ)


☆ ખિદમત સીરીઝ નં. ૭ ☆


પ્રકાશક :

સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી

મુ. રૂપાલ તા. બાવળા જી. અહમદાબાદ.

પીન : ૩૮૨ ૨૨૦

જમાદીઉલ અવ્વલ ૧૪૨૧

ઓગસ્ટ-૨૦૦૦

૭૮૬/૯૨

## હઝરત શહીદ હાજી પીર (રહેમતુલ્લાહ અલયહ)ની વીરતા ભરી શહાદત

*બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ*

*"વલા તકુલુ લે મેંય યુકતલો ફી સબીલિલ્લાહે અમ્વાત બલ અહયા ઉવ્વલા કીલ્લા તશઓરૂન."*

**અર્થ :** અને જેઓ અલ્લાહના માર્ગમાં માર્યા ગયા હોય (શહીદ થયા હોય) તેઓને મુર્દા ન કહો (મરેલા ન જાણો) બલ્કે તેઓ ઝિંદા (સજીવ) છે. પરંતુ તે તમે નથી જાણતા. (પારા ૨ રૂકુઅ-૨)

*તન વોહ દે કે જો ઝખ્મ તેરી રાહમેં ખાએ,*
*સર વોહ દે કે જો કટકે તેરે સામને આયે.*

મરાઠાઓના સામ્રાજ્યનો સૂર્ય સોળે કળાએ ઝગમગી રહ્યો હતો. પોતાની સત્તા અને હુકુમતના જોરે મરાઠાઓ નાના નાના રજવાડાઓને જેર કરીને પોતાનો વિસ્તાર વિકસાવી રહ્યા હતા. આ મરાઠાઓના કાને રૂપાલ ગામની જાહો જલાલીની રંગીન વાતો પડી સાંભળતાની સાથે જ મરાઠાઓની નિય્યત બદલાઈ અને રૂપાલની સુખ-શાંતિ અને સમૃદ્ધિને છિન્ન ભિન્ન કરવા ૨૦૦ મરાઠાઓના ઘોડાઓ રૂપાલને લુંટવા આવી પહોંચે છે. ગામમાં ખબર પડતાની સાથે જ ગામ લોકો બીકના માર્યા નાશ ભાગ કરી મુકે છે. જેના હાથમાં જે આવ્યું તે લઈને ગામ બહાર ભાગવાની ફીકરમાં હોય છે. સ્ત્રીઓ પણ આદમીની પછવાડે છોકરા લઈને ચાલતી થાય છે. ઘડીભરમાં તો રૂપાલ ગામ ખાલીખમ થઈ જાય છે.

બરાબર એ જ પળે રૂપાલની સીમમાંથી એક નવજુવાન નાનકડી સુંદર દાઢી ધરાવતો ખૂબસુરત ચહેરાવાળો ઘોડા પર સવાર થઈ ગામ ભણી આવતો હોય છે. ગામ છોડીને ભાગતા ગામ લોકોની સામે દિવાલ બનીને ઉભો રહે છે અને કહે છે અલ્યા ! કેમ ભાગોછો ? એ કે જવાબ દિધો રૂપાલની માથે મૌત મંડાણુંછે. યુવાને પૂછયું કેમ ? જવાબ મળ્યો મરાઠાઓ ગામ લુંટવા આવ્યા છે. જુવાને કહ્યું, એમાં નાશી જવાનું હોય. કોઈએ કહ્યું શું મરવા ઉભા રહીએ. પાછા વળો આપણે ઘોડાવાળાઓને નશાડી મુકશું પણ ગામના માણસો મરાઠાઓની ધાકથી થરથર ધ્રુજતા હતા. આખર જુવાને મારગ મોકળો કરી દીધો અને ગામના પાધરે આવ્યો.

બસ્સો મરાઠાઓ ચમકતી તલવારો અને ભાલાઓ લઈને કતારબંધ ઉભા છે. મરાઠા કહે છે, "અમારી ચોથ ભરો." પણ કોઈ જવાબ આપતું નથી.

યુવાન ગામમાં ગયો. કોઈ દેખાતું નથી. પોતાના ઘરે ગયો અને ત્રણ નાના ભાઈઓને તૈયાર કર્યા. ચાલો મરાઠાઓને જવાબ આપવાનો છે. મોટા ભાઈની આજ્ઞા મળતા જ તરત જ બાકીના ત્રણે ભાઈ તૈયાર થયા. ફરિશ્તા જેવા લાગતા આ ચારે સૈયદ જુવાનીયાઓના ચહેરા પર યુવાનીનું ખમીર તરવરી રહ્યું હતું. હૈય્યામાં રૂપાલની રખવાળી કરવાની તમન્ના હતી. હાથમાં ભાલાઓ લઈ ઘોડે સવાર થયા. મોટા ભાઈએ એટલે હાજી સૈયદે સીપેહ સાલારી કરી અને મરાઠાઓની સામે રૂબરૂ આવીને ઉભા રહ્યા.

મરાઠાઓનો મોવડી બોલ્યો, "અલ્યા કોણછો ?" જવાબ

મળ્યો, "સૈયદ છીએ." કેમ આવ્યા છો ? મોટાભાઈએ કીધું. જવાબ આપવા માટે આવ્યા છીએ. મોવડીએ કીધું તમારી પાસે શું જવાબ છે. સૈયદ હાજીએ કીધું, "રૂપાલ મુકીને ચાલ્યા જાવ." મરાઠા સરદારે પ્રશ્ન કર્યો, કેમ ? સૈયદ જુવાને જવાબ દીધો, "અમારા દેહમાં જ્યાં સુધી જીવ છે. ત્યાં સુધી તમને કંઈ જ નહીં મળે." મોવડી બોલ્યો, "ચોથ લીધા વિના પાછા નહી ફરીએ." સૈયદ હાજીએ સ્પષ્ટ સંભળાવી દીધું, "એક કોડી પણ નહી મળે."

સરદાર બોલ્યો, "છોકરાઓ પાછા ફરો."

હાજીએ કહ્યું, "નમતું જોખવું એ અમારા ખમીર માટે શરમજનક કહેવાય." મરાઠાના સરદારે કહ્યું જોયુંછે, આ લશ્કર ? સૈયદ હાજીએ જવાબ દીધો, હા. એ અમને મારી નાખશે. મોવડીએ કીધું, પાછા નહીં ફરો તો એમ જ થશે અને હુકમ કર્યો લશ્કરને કે વધો આગળ અને લુટી લો રૂપાલને.

હુકમ છુટતાની સાથે જ ચારે ભાઈઓના ભાલા વિંઝાવા લાગ્યા ૨૦૦નું ટોળું ભાગવા માંડ્યું. ચાર સાદાત યુવાનોએ તરખાટ મચાવી દીધો. મરાઠાઓમાં નાશભાગ શરૂ થઈ તેમના ટોળાના ચાર ટુકડા થઈ ગયા. સૈયદ હાજીએ એકનો પીછો કર્યો અને રૂપાલના સીમાડામાં શહાદતનો પ્યાલો ગટગટાવી ગયા. બીજાએ ચીયાડા સુધી દુશ્મનોને હાંકયા અને તે પણ ત્યાં જ અલ્લાહને પ્યારો થઈ ગયો. ત્રીજાએ કેરાળા સુધી મરાઠાઓને તગડ્યા અને શહીદી વહોરી. ચોથા સીધરેજ ગામમાં શહીદ થયા. આ ચારે સૈયદ ભાઈઓએ ગામ અને કૌમની હિફાઝત માટે પોતાના જાનની કુરબાની આપી અને શહાદતનો મહાન દરજ્જો હાસિલ કર્યો. (ગુજરાતની રસધારમાંથી સાભાર)

રૂપાલની સીમમાં આરામ ફરમાવી રહેલા હજરત સૈયદ હાજી પીર (રહમતુલ્લાહ અલયહ)નો ઉર્સ મુબારક સફર મહીનાની અગીયારમી તારીખે દર વર્ષ ખૂબ ધામધુમથી ઉજવાય છે. દશમી સફરની સાંજથી દરગાહ શરીફ પર રૌશની કરવામાં આવે છે. ઈશાની નમાઝ બાદ કુરઆન શરીફનો દહોર થાયછે. જે મધરાત સુધી જારી રહેછે. ત્યારબાદ સંદલ શરીફ અને ગીલાફપોશી અને ગુલપોશીની રશમ અદા થાય છે. આ દરમિયાન સલાતો સલામ અને નાઅત ખ્વાની પણ જારી રહેછે. નારએ તકબીર અને નારએ રિસાલતના બુલંદ નારાઓથી દરગાહ શરીફનું વાતાવરણ રૂહાનીયતથી ભરપુર બની જાય છે. અમદાવાદ, ધોળકા અને નજીક તેમજ દૂર દૂરથી લોકો સંદલ અને ઉર્સમાં હાજરી આપી ફૈઝ હાસિલ કરે છે. અગીયારમીના દિવસે ઉર્સ મુબારક ઉજવાય છે. દિવસે ન્યાજનો જમણવાર થાયછે. સંદલ અને ઉર્સમાં હજારો માણસોની માનવ મેદની એકઠી થાય છે. રૂપાલના નવજુવાન યુવકોની મહેનત અને ઝહેમત કાબીલે તારીફ હોય છે. ચિયાડા, કેરાળા અને સીધરેજ ગામમાં આરામ ફરમાવી રહેલા બુઝુર્ગોના પણ ઉર્સ ઉજવાય છે.

દર ગુરૂવાર અને ચાંદ રાત (અમાસે) દરગાહ શરીફ પર શ્રદ્ધાળુઓની ભીડ જામે છે. અનેક દુખીઓ અને પીડીતો પોતાના મનની મુરાદો હઝરતના વસીલાથી મેળવે છે. ભૂત-પ્રેત આસેબજદા અને હઠીલા રોગોનો ઈલાજ થાયછે. કોઈપણ જાતના ભેદભાવ વિના હિન્દુ-મુસ્લિમ દરેક કોમ હાજી પીર બાવાની દરગાહથી ફૈઝ હાસિલ કરી ખુશહાલ થાય છે. જે આપની ઝિંદા કરામાતછે.

* મનકબત *

*કિસ્મત ખુલી જશેને, મુસીબત ટળી જશે*
*જેને શ્રી હાજીપીરની નિસ્બત મળી જશે.*
*નૈયા તરી જશેને, હવાઓ સમી જશે*
*મઝધારમાં પણ એને કિનારો મળી જશે*
*સંગત કરી છે જેણે ખુદાના વલીની*
*ઈબાદતની મઝા સાચી તેને મળી જશે*
*જો નઝરે કરમ થાય મકબુલે ખુદાની*
*થાશે દુઆ કુબુલ મુરાદો ફળી જશે*
*મળ્યા છે જેને પીર, નબી તેને મળી જશે*
*નબી મળી જશે તો ખુદા પણ મળી જશે*
*પકડી લે દામન તુ વલી અલ્લાહનો આજે*
*આફતના વાદળો પછી પળમાં ઢળી જશે*
*ઈશ્કે વલી છે જેનના સીનામાં અય "મુહિબ"*
*શયતાન એની કબ્રથી પાછો વળી જશે.*

## હઝરત પીર સવાલી બાબા (રહેમતુલ્લાહ અલયહ)

રૂપાલ ગામની એ ખુશનશીબી રહીછે કે, ઘણા ઔલીયાએ કિરામ અહીંયા આવ્યા અને પોતાની કર્મભૂમિ બનાવી અહીં જ આરામ પણ ફરમાવી રહ્યા છે. તેમાં પીર સવાલી બાબાનું નામ પણ અગ્રસ્થાનેછે. આપનું ખરૂં નામ મોહમ્મદ બીન ખાનજી હતું. આપ દીનદાર અને પરહેઝગાર પુરૂષ હતા. આપ ખાનદાને ચિશ્તીયાહમાં મુરીદ થયા હતા. આપના પીર હઝરત નીઝામુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તી ફારૂકી સાહેબ હતા હઝરત સવાલી બાબાની દરગાહે દર મહિનાની ચાંદરાતે (૨૯ ચાંદે) મેદની આવેછે. મુરાદો

પામે છે. ૨૯મી જીલકાદના દિવસે ઈશાની નમાઝ બાદ સવાલી બાબા રહેમતુલ્લાહ અલયહનો સંદલ થાય છે.

## હઝરત પીર અબુલ ખેર મોહમ્મદ શમ્સુદ્દીન "શમ્સ" ચિશ્તી, ફરીદી, ફારૂકી, અહમદાબાદી (રહેમતુલ્લાહ અલયહ)

હઝરત પીર સવાલી બાવાની દરગાહના શહેનમાં આરામ ફરમાવનારા પીર શમ્સુદ્દીન "શમ્સ" એહમદાબાદી સાહેબના નામથી કોણ અજાણ્યું હોઈ શકે. આપ બહુ જ મોટા આલીમ પરહેઝગાર બુઝુર્ગ અને પ્રખ્યાત શાયર હતા. ઉર્દુ, અરબી અને ફારસી ભાષાના તો આપ ઉસ્તાદ હતા. આપના વાલીદ હઝરત પીર નીઝામુદ્દીન ઉર્ફે હાજી દાદામિયાં ચિશ્તી જેમનો મઝાર મુંબઈમાં છે. તે પણ ઘણા જ મોટા પાયના બુઝુર્ગ હતા. આપ હઝરત બાબા ફરીદગંજશકર રહેમતુલ્લાહ અલયહની ઔલાદમાંથીછે. આપે ઘણી જ કિતાબો લખીછે. શમ્સુલ કલામ, નગમાતે મુસ્લિમ લીગ અને જાણીતા અખ્બારોમાં આપના કલામ ઉર્દુ-ફારસીમાં પ્રસિધ્ધ થયેલા છે. 'શમ્સ'ના તખલ્લુસથી આપ શાયરી લખતા હતા. આપનો સંદલ ૧૯ જીલકાદના દિવસે ધામધુમથી થાય છે.

## હઝરત પીર જમીયલ શાહ દાતાર ગીરનારી (રહમતુલ્લાહ અલયહ)નો ચિલ્લા શરીફ

રૂપાલની ધરતી પર દાતારની દરગાહથી પ્રખ્યાત આ જગ્યામાં સવાલી બાવાની દરગાહ, પીર શમ્સુદ્દીન "શમ્સ અહેમદાબાદી"ની દરગાહ અને જમીઅલ શાહ દાતારનો ચિલ્લો પણ આવેલ છે. કહેવાય છે કે, સવાલી બાવા જૂનાગઢથી રોશન ચિરાગ રૂપાલ લાવેલા અને આજે પણ આ ચિરાગ રોશન છે. આ

ચિરાગને સાચવા ચિલ્લાહગાહ બનાવીછે. શ્રદ્ધાળુઓ ચિરાગના દિદાર કરવા આવેછે. આ વાત પણ રૂપાલ માટે ગૌરવ સમાન છે.

**હઝરત પીર સૈયદ શમ્સુદ્દીન કાદરી (રહમતુલ્લાહ અલયહ)**

રૂપાલમાં બીજા શમ્સુદ્દીન નામે પણ બુઝુર્ગ કબ્રસ્તાનમાં આરામ ફરમાવેછે. આપનું વતન અમદાવાદછે અને ગુજરાતના ખ્યાતનામ બુઝુર્ગ મુબલ્લીગે ઈસ્લામ હઝરત સુલતાન સૈયદ હાજી હુદ રદીયલલાહો અન્હોની ઔલાદમાંથીછે. આપે પોતાના વાલીદ પીર જૈનુમિયા અને કાકા હઝરત ફખરે ગુજરાત ફખ્ર કાદરી રહેમતુલ્લાહ અલયહથી ફૈઝે બાતીન હાસિલ કરેલછે. આપ ઉર્દુ અને ફારસીના જાણકાર હતા. પોતાના વાલીદથી આપને સિલસિલાએ કાદરીયાહની ખિલાફત મળી છે. આપ નસબમાં હુસૈની સાદાત છે. હઝરત પીર મોહમ્મદ શમ્સુદ્દીન શમ્સ ચિશ્તી રહેમતુલ્લાહ અલયહ આપના કાકા સસરા થાયછે. ૧૯ રબીઉલ આખર હી. ૧૪૦૭ તા. ૨૨-૧૨-૧૯૮૬ના રોજ રૂપાલમાં જન્નતનશીન થયા આપની પાયેતીમાં આપની અહેલીયા સૈયદાહ તમીજુન્નીશાનો મઝાર છે. હઝરત પીર શમ્સુદ્દીન કાદરી અને સૈયદાહ તમીઝુન્નીશાં આ કિતાબના સંપાદકના વાલીદૈનછે.

**ઉર્સની સાબિતી**

ઉર્સની સાબિતી હદીષ અને ફિકહની માન્યવર કિતાબોથી સાબિત થઈ છે. ઉર્સ શબ્દ હદીષ શરીફના આ વાકયથી નકલ કરવામાં આવ્યો છે. "નમ કનૌમતિલ ઓરૂસ" કબ્રમાં ખુદાના નેક બંદાઓને ફરિશ્તાઓ કહેછે. દુલ્હનની માફક આરામ અને રાહત સાથે સુતો રહે. આ હદીષના આધારે જ અંબિયા અલયહિમુસ્સલામ અને અવલિયાએ કેરામના વિસાલ દિવસને

(વફાત દિનને) ઉર્સ કહે છે. જો કોઈ બુઝુર્ગના વિસાલના દિવસે ફૈઝ પ્રાપ્ત કરવા માટે તેમના સ્નેહિઓ-મિત્રો, મુરીદો, સગા વ્હાલાઓ મઝાર પર એકત્ર થઈને વિસાલના દિવસે ઉર્સની ખુશી મનાવે તેમાં તો કોઈ પ્રકારની શરઈ ખરાબી નથી બલ્કે શરીઅતની રૂએ આ ફેલ (કાર્ય) મુસ્તહસન (ઉત્તમ) અને અનુકરણ યોગ્ય છે. તદઉપરાંત તેમના મઝાર પર હાજર થઈને કુરઆને પાકની તિલાવત કરીને તેનો સવાબ તેમની રૂહને બખ્શવું અને તેમનાથી ફૈઝ અને બરકત પ્રાપ્ત કરવું, શીરીની વગેરે ફાતેહા પઢીને લોકોમાં વહેંચવું પ્રિય અમલ છે.

૧. "મુખ્ખુલ મઆની" નામની કિતાબમાં ઝુબ્દતુલ આરેફીન હઝરત સૈયદ શાહ શરફુદ્દીન અહમદ યાહયા મુનીરી (રહેમતુલ્લાહ અલયહ) લખે છે કે, રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના વિસાલ બાદ બારમા દિવસે અમીરૂલ મોમેનીન હઝરત સિદ્દીકે અકબર (રદિયલ્લાહો અન્હો)એ મોટા પ્રમાણમાં ખાણું પકાવ્યું. આથી લોકો તેમને પુછવા લાગ્યા આજે શું છે ? આજે શું છે ? જેમને ખબર હતી તેમણે જવાબ આપ્યો કે, "અલયવમો ઉર્સો રસૂલિલ્લાહ" "અલયવમો ઉર્સો રસૂલિલ્લાહ" (આજે રસૂલિલાહનો ઉર્સ છે, આજે રસૂલિલ્લાહનો ઉર્સ છે.) (આથી સાબિત થયું કે, સહાબાએ કિરામે રસુલે ખુદા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નો ઉર્સ મનાવ્યો હતો. જો ઉર્સ જાએઝ ના હોત તો સહાબા આ રીતે હુઝૂરનો ઉર્સ શા માટે મનાવત ?

૨. "તફસીર દુર્રે મન્સુર અને તફસીર કબીર"માં છે કે, હઝરત અનસ (રદિયલ્લાહો અન્હો)થી રિવાયત છે કે, હુઝૂર દરેક વર્ષની શરૂઆતમાં શોહદાએ ઓહદના મઝારો પર તશરીફ લઈ

જતા હતા. ત્યાર પછી ખુલ્ફાએ રાશેદીન પણ જતા હતા. આથી સાબિત થયું કે, હુઝૂર અને સહાબા એક ખાસ દિવસે શહીદોના મઝાર ઉપર જતા હતા.

૩. "ઝબ્દતુન નસાએહ"માં છે કે, હઝરત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દીસ દહેલવી (રહેમતુલ્લાહ અલયહ) લખે છે કે, ઉર્સનો દિવસ જો મૈયતની દુઆ માટે અથવા યાદ દેવડાવવા માટે હોય તો વાંધો નથી. એ ફતવામાં જ બીજી જગ્યા એ લખે છે કે, વર્ષના અંતે એક દિવસ નક્કી કરીને સંગઠીત રીતે કેટલાય લોકો ભેગા થઈને કુરઆન શરીફનો ખત્મ કરે અને શીરીની અથવા ખાણા પણ ફાતેહા પઢીને હાજર રહેલા લોકોમાં વહેંચી દે તો તેમાં કોઈ વાંધો નથી, આનાથી જીવતાઓ અને મુર્દાઓને ફાયદો પહોંચે છે. આમ તમામ દલીલોથી ઉર્સ મનાવવો નિઃશંક જાઈઝ સાબિત થાય છે. (હવાલા કશ્ફુલ હકાઈક પાના નં. ૭૬)

## કબ્રો ઉપર ચાદર ચઢાવવાની સાબિતી

મહાન ફુકહા અને ઉલ્માઓની દ્રષ્ટિએ અવલીયા અલ્લાહ બુઝુર્ગોના મઝારો ઉપર ગિલાફ નાખવું. ચાદર ચઢાવવું જાઈઝ છે. ફિકહની કિતાબો અને હદીસો પરથી એ સાબિત છે. સરકારે દો આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને પહેલા ખલીફા હઝરત સિદ્દીકે અકબર (રદિયલ્લાહો અન્હો) અને બીજા ખલીફા હઝરત ઉમર ફારૂક (રદિયલ્લાહો અન્હો)ના મઝારો ઉપર ગિલાફ ચઢેલા હતા. જે હદીસ અને ફિકહની કિતાબોથી સાબિત છે.

૧. "અબુ દાઉદ શરીફ"માં હઝરત કાસિમ (રદિયલ્લાહો અન્હો) ખલીફાએ અવ્વલના પૌત્રથી રિવાયત છે કે, મેં મારા ફોઈ હઝરત આયેશા (રદિયલ્લાહો અન્હા)ને કહ્યું કે, હુઝૂર નબીએ

કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને ખલીફાએ અવ્વલ અને ખલીફાએ દોયમની કબ્રો પરથી મારા માટે ગિલાફ હટાવી દો જેથી કરીને હું તેમની કબ્રોની આકૃતિને જોઈ લઉ. તેમણે ત્રણે કબરો પરથી ગિલાફ હટાવી દીધા. મેં તે કબ્રોના દિદાર કર્યા. ન અધિક ઉંચી હતી ન બહુ નીચી હતી. તેના ઉપર મોજે અરસના લાલ પત્થરના ટુકડા બિછાવેલા હતા. આ હદીષથી સાબિત થયું કે હુઝૂર અને ખલીફાઓના મઝાર પર ગિલાફ ઓઢાડેલા હતા અને આ ગિલાફો નાખનારા સહાબા જ હશે તેમાં કોઈ શંકા નથી.

૨. કિતાબ "કશ્ફુન્નુર"માં હઝરત ઈમામ નાબ્લિસીએ અંબીયાએ અને અવલીયાઓના મઝારો પર ચાદર ચઢાવવાના જાઈઝ હોવા બાબત પર ઘણી જ દલીલો રજૂ કરીછે. અવલીયાએ કેરામના મઝારો પર ચાદર નાખવા પાછળનો ધ્યેય ફકત તેમના મઝાર મુબારકની તાઅઝીમ પૂરતો છે. ઝિયારત કરનાર દિલથી મઝાર સામે અદબથી ઉભો રહે અને તાઅઝીમ કરે. આથી મઝારની તૌહીન ન થાય. તે માટે બુઝુર્ગોના મઝાર પર ચાદર (ગિલાફ) ચઢાવવા જાઈઝછે. (કશ્ફુલ હકાઈક પાના નં. ૫૦)

## કબ્રો પર ફૂલ મુકવાની સાબિતી

ફૂલ વનસ્પતિ પૈકી તર ચીઝ છે. જ્યાં સુધી તેનામાં તરી (ભીનાશ) છે. તે જીવતાના હુકમમાં છે. તે અલ્લાહ તઆલાની તસ્બીહ કરે છે. જેવું કે કુરઆન શરીફથી માલુમ પડયું છે. અલ્લાહનો ઈરશાદછે. "વ ઈન મિન શૈઈન ઈલ્લા યુસબ્બે હો બે હમ્દેહી" અર્થાત તમામ ચીઝો અલ્લાહની તસ્બીહ કરેછે. જ્યારે ફુલ અથવા તર ચીઝ કબ્ર ઉપર નાખવામાં આવે તો તસ્બીહ કરશે અને તે તસ્બીહથી કબ્રવાળાને ફેંઝ મળશે અને તેનાથી આનંદ

થશે.

૧. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિયલ્લાહો અન્હો)થી રિવાયતછે કે, એકવાર સરકારે દો આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બે કબ્રો પાસેથી પસાર થયા અને કબ્રવાળા ઉપર અઝાબ થઈ રહ્યો હતો. આપે ખજૂરીની એક ડાળી મંગાવી અને ડાળીને વચ્ચેથી ચીરીને અડધી અડધી બંને કબ્રો ઉપર નાખી દીધી અને ફરમાવ્યું જ્યાં સુધી આ તર (ભીની) રહેશે ત્યાં સુધી તેમની તસ્બીહની બરકતથી કબ્રવાળાના અઝાબમાં કમી (ઘટાડો) થશે. (મુસ્લિમ-બુખારી)

૨. હઝરત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિસ દહેલવી (રહેમતુલ્લાહ અલયહ) મિશ્કાતની શરેહ "અશઅતુલ લમઆત"માં લખે છે કે, લોકોએ આ હદીષ પરથી જ કબ્રો ઉપર ફૂલ મુકવાની દલીલ પકડી છે. અને તહાવીમાં છે કે અમારા અગાઉના કેટલાક ઈમામોએ ફતવો આપ્યો છે કે, અમારા જમાનામાં કબ્રો ઉપર ફૂલ અને લીલી ડાળીઓ નાખવાનો જે રિવાજ છે તે સુન્નત છે અને તે અગાઉની હદીષથી સાબિત છે. "કન્ઝુલ એબાદ" "ફતવાએ ગરાઈ" અને "ફતવાએ નહદિયા"માં છે કે, ગુલાબ વગેરેના ફૂલ કબ્રો પર નાખવા સારા છે. જ્યાં સુધી તે તાજા રહેશે ત્યાં સુધી અલ્લાહની તસ્બીહ કરશે અને સાહેબે કબ્રને તેનાથી ફાયદો થશે. આ તમામ દલીલોથી કબ્રો ઉપર ફૂલ મુકવા સાબિત થાયછે. (કશ્ફુલ હકાઈક પાના નં. ૬૨)

## મઝારો પર રૌશની કરવાની સાબિતી

અવલીયા અલ્લાહના મઝારો પર અથવા કોઈ જગ્યાએ રૌશની કરવી જો કોઈ ઉત્તમ ધ્યેયના કારણે હોય તો નિઃશંક જાએઝ

અને મુસ્તહસન (સારૂ કાર્ય) છે. ઉત્તમ ધ્યેય (હેતુ)ના ઘણા જ દૃષ્ટાંત છે જેવા કે,

૧. મઝારની નજદીકમાં કોઈ મસ્જિદ હોય અને ત્યાં રોશની કરવાથી મસ્જિદ રોશન થશે અને તે રોશનીથી નમાઝીઓને પણ લાભ થશે.

૨. જે મઝાર જાહેર રસ્તાની નજીક હોય અને ત્યાં રોશની કરવાથી રાહદારીઓને લાભ પહોંચશે. અને મુર્દાઓને પણ કારણ કે ત્યાંથી પસાર થનાર મુસલમાન ફાતેહા પઢશે દુઆએ મગફેરત કરશે અને સવાબ પહોંચાડશે આવા હેતુથી રોશની કરવાથી બીજાને ફાયદો છે. આ પણ એક સરસ હેતુ (ધ્યેય) છે.

૩. મઝાર પર રોશની કરવાથી ઝિયારત કરવા આવનાર કુરઆને પાક પઢી શકે તે પણ બંને માટે ફાયદાકારક હોવાથી મઝારો પર રોશની કરવી જાઈઝ છે.

કુરઆને પાકમાં અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે કે, "ઈન્ના ઝૈયન્નસ્સમાઅદદુન્યા બે મસાબીહ" અમોએ આકાશી દુનિયાને ચિરાગો (દીપકો)થી શોભા આપી આ ઉપરથી માલુમ પડ્યું કે, ચિરાગોનું રોશન-કરવું ઝિનત-શોભાનું કારણ છે. ઝિનતની હુરમત (પ્રતિષ્ઠા)માં કોઈ કુરઆનની આયતથી બુરાઈ વારીદ નથી.

આ આયતના ખુલાસામાં તફસીર રૂહુલ બયાનમાં જે ઈબારત છે તેનો તરજુમો આ પ્રમાણે છે. "અલ્લાહ તઆલાએ આસ્માનની શોભા તારાઓથી ફરમાવીછે. તો બંદાઓએ જોઈએ કે મસ્જિદોની ઝિનત ચિરાગો અને કંદિલોથી કરે. એટલા માટે કે ખૈર-ભલાઈમાં ઈસરાફ નથી (ફુઝુલ ખર્ચનથી) ત્યાર પછી લખે

છે કે, અવલીયા અલ્લાહના મઝાર પર કંદિલો અને ફાનસ રોશન કરવા તેમની તાઅઝીમ અને જલાલ માટેછે. ઝયતુનનું તેલ અને શમ્અ મઝારની પાસે સળગાવવું તેમાં પણ મહોબ્બત તથા તાઅઝીમ નીકળેછે. જ્યારે મકસદ ઉત્તમ હોય તો તેનાથી હરગીઝ મના કરવું જોઈએ નહીં.

ઉપરોકત તફસીરથી જાણવા મળ્યું કે, રોશનીને દ્વારા ઝિનત શોભા કરવું જ્યારે કે તેમાં તાઅઝીમ શાન અને મહોબ્બતની ઈચ્છા હોય તો અને સાચો ધ્યેય હોય તો નિષેધ (વાંધો) નથી. (ફરહુલ હકાઈક પાના નં. ૧૦૦)

## નિયાઝ અને ફાતેહાની સાબિતી

પ્રચલિત ફાતેહા જેમાં ખાણું, શીરીની વગેરે સામે રાખીને કુરઆન શરીફ પઢીને કોઈ મોમીનની રૂહને સવાબ બખ્શવામાં આવે છે તે સરકારે દો આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સહાબાએ કિરામ, ઉલ્માએ સાલેહીન, ફુકહાએ કેરામ, મુહદ્દિસો અને મુફસ્સીરોના કાર્યોથી સાબિત છે અને એહલે સુન્નત વ જમાઅત એટલે સુન્નીયોનો મઝહબછે કે, શારીરિક ઈબાદત જેવી કે, નમાઝ, રોઝા, હજ્જ વગેરે આ માલી ઈબાદત જેવું કે ગોશ્ત, રોટી, હલ્વો, મીઠાઈ, રૂપિયા, કપડા વગેરે બંનેનો સવાબ જેને બખ્શી દેવામાં આવે તેને મળે છે. ફિકહની ખ્યાત નામ કિતાબ "હિદાયાહ"માં છે કે, જે ઈન્સાન પોતાની નમાઝ, રોઝા, સદકા વગેરેનો સવાબ કોઈને બખ્શવા ચાહે તો એહલે સુન્નત વ જમાઅત (સુન્ની)ની દ્રષ્ટિએ જાઈઝછે.

૧. હઝરત અબુ હુરૈરાહ (રદિયલ્લાહો અન્હો)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું

કે, જે શખ્સ કબ્રસ્તાનમાં દાખલ થાય અને સુરએ ફાતેહા, સુરએ ઈખલાસ અને સુરએ તકાસુર પઢીને અરઝ કરે કે હે અલ્લાહ ! મેં તારા કલામનો સવાબ આ કબ્રસ્તાનના મોમેનીન અને મોમેનાતને બખ્શયો તો તે મુરદાઓ અલ્લાહ પાસે તેની શફાઅત કરશે. (શર્હુસોદુર)

૨. હઝરત અલી (રદિયલ્લાહો અન્હો)થી રિવાયત છે કે, જે શખ્સ કબ્રસ્તાનમાં થઈને પસાર થાય અને અગીયાર વખત સુરએ ઈખ્લાસ (કુલહોવલ્લાહ) પઢીને તેનો સવાબ મુરદાઓને બખ્શી દે તો મુરદાઓની સંખ્યા પ્રમાણે તે શખ્સને સવાબ મળશે. (કન્ઝુલ ઉમ્માલ)

૩. અલ્લામા હઝરત અલી કારી હન્ફી (રહેમતુલ્લાહ અલયહ)એ પોતાના ફતવા "રોઝ જન્દીયા"માં હદીષ નકલ કરી છે. જ્યારે નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના દિકરા (પુત્ર) હઝરત ઈબ્રાહીમના ઈન્તેકાલનો ત્રીજો દિવસ થયો તો હઝરત અબુઝર (રદિયલ્લાહો અન્હો) એક પ્યાલામાં દૂધ, જવની રોટી અને ખારેક (લાવીને હુઝૂરની સામે મુકયું આપે તેના પર એક વખત સુરએ ફાતેહા (અલ્હમ્દો) અને ત્રણ વખત સુરએ ઈખ્લાસ (કુલહોવલ્લાહ) પઢીને બંને હાથ ઉઠાવીને દુઆ કરી અને પછી હાથ પોતાના ચહેરા પર ફેરવી લીધા. અને ફરમાવ્યું, "આનો સવાબ મારા બેટા ઈબ્રાહીમને બખ્શી દીધો." પછી આપે અબુઝર (રદિયલ્લાહો અન્હો)ને ફરમાવ્યું કે તમે આને આપસમાં વહેંચી લો. (કશ્ફુલ હકાઈક પાના નં. ૧૯)

આ તમામ દલીલોથી ફાતેહા પઢવું અને નિયાઝ કરવું જાઈઝ સાબિત થાયછે. જેમાં કોઈ શંકા નથી. નિયાઝ કરતી વખતે

ફાતેહામાં ખાસ પઢવામાં આવતી જરૂરી સુરતો અહીંયા આપવામાં આવે છે. જેથી વાંચક વર્ગ ફાયદો મેળવી શકે.

## દુરૂદ શરીફ

**બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ**

સલ્લલ્લાહો અલન્નબિય્યીલ ઉમ્મી વ આલેહિ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સલાતંવ્વ વ સલામન અલયકા યા રસુલુલ્લાહ.

## સુરએ ઈખ્લાસ

*બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ*

કુલહોવલ્લહો અહદ અલ્લાહુસ્સમદ લમયલિદ, વલમ યુલદ, વલમ યકુલ્લહુ કુફુવન અહદ.

## સુરએ ફલક

*બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ*

કુલ અઉઝુ બિ રબ્બિલ ફલકિ, મિન શર્રિ મા ખલક, વ મિન શર્રિ ગાસિકિન ઈઝા વ-ક-બ વ મિન શર્રિન નફફાસાતિ ફિલ ઉકદિ વ મિન શર્રિ હાસિદિન ઈઝા હ-સ-દ.

## સુરએ નાસ

*બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ*

કુલ અઉઝો બિ રબ્બિન્નાસિ, મલેકિન્નાસે, ઈલાહિન્નાસે, મિન શર્રિલ વસ્વાસિલ ખન્નાસિલ્લઝી યુ વસવીસુ ફી સોદુરિન્નાસે મિલન જિન્નતે વન્નાસ.

## સુરએ કાફેરૂન

*બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ*

કુલ યા અઈયુહલ કાફેરૂન લા આઅબુદુ માતાબુદુન વલા અન્તુમ આબિદુના માઅઅબુદ. વલા અના આબિદુમ મા અબત્તુમ

વલા અનતુમ આબિદુના મા અઅબુદ લકુમ દી નકુમ વલેયદીન.

## સુરએ ફાતેહા

*બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ*

અલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન અર્રહમાનીર્રહીમ માલિકિ યવમિદ્દીન, ઈય્યાકા નઅબુદુ વ ઈય્યકા નસ્તઈન. ઈહદિનસ્સિરાતલ મુસ્તકીમ, સિરાતલ લઝીના અન્અમ્તા અલયહિમ ગયરિલ મગદુબિ અલયહિમ વલદ્દાલિન (આમીન)

## દરૂદ શરીફ

અલ્લાહુમ્મા સલ્લે અલા સૈયદેના મુહમ્મદીંવ વ અલા આલે સૈયદેના મુહમ્મદીંવ વ બારબિક વ સલ્લિમ.

સવાબ બખ્શવા માટે આ પ્રમાણે કહેવું જોઈએ કે, અય અલ્લાહ ! મેં કુરઆને પાકની જે સુરતો અને આ દુરૂદ શરીફ પઢયું છે. તેને સવાબ હું મારા આકા અને મૌલા હુઝૂર અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તુફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની રૂહ મુબારકને નઝરાને અકીદત પેશ કરું છું અને સાથે સાથે તમામ અંબીયા, સિદ્દીકીન, શોહદા અને સાલેહીનને અને ખાસ કરીને જે બુઝુર્ગને બખ્શવાનું હોય તેમનું નામ લેવું અને ત્યારબાદ ફરીથી દરૂદે પાક પઢીને આ આયત પઢી લઈ બંને હાથ ચહેરા પર ફેરવી લેવા.

સુબહાન રબ્બેકા રબ્બિલ ઈઝ્ઝતે અમ્મા યસેફુન વસ્સલામુન અલલ મુરસલીન વલ હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન બે રહમતેકા યા અર હમર રાહેમીન.

*(ફકત અલ્લાહ બહેતર જાણનાર છે.)*

# સુન્નીઓનું ઈમાન

બંદાએ પરવર દિગારમ, ઉમ્મતે અહમદ નબી
દોસ્તદારે ચારે યારમ, તાબએ ઓલાદે અલી
મઝહબે હનફીય દારમ, મિલ્લતે હઝરત ખલીલ
ખાક પાયે ગૌસે આઝમ ઝેરે સાયા હર વલી

## અર્થાત

હું પરવર દિગારનો બંદો છું હઝરત અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઉમ્મતી છું અને આપના ચારે યાર એટલે ખુલ્ફાએ રાશેદીનને દોસ્ત રાખું છું તેમનાથી મહોબ્બત કરૂં છું અને હઝરત શેરે ખુદા અલી કરમલલ્લાહો વજહુની ઔલાદ એટલે સાદાતે કીરામનો તાબેદાર છું. મઝહબ મારો હનફી એટલે ઈમામે આઝમ હઝરત અબુ હનીફા રદિયલ્લાહો અન્હોના મસ્લકને અપનાવું છું. હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામની મિલ્લતે ખલીલમાં છું. હઝરત ગૌસુલ આઝમ પીરાને પીર દસ્તગીર સૈયદના શયખ અબ્દુલ કાદિર જીલાની બગદાદી રદીયલ્લાહો અન્હોની ચરણરજ છું અને તમામ ઔલીયાઓના સાયા (છાયા) તળે રહું છું. સુન્નીઓનો અકીદો આવો હોવો જોઈએ.